દિવ્ય ભાસ્કરના 20મા વર્ષમાં મંગળપ્રવેશ નિમિત્તે વાચકો માટે આજના માસ્ટ હેડ પ્રસિદ્ધ આદિવાસી વારલી પેઈન્ટિંગમાં બનાવી સુરતની પૌરાણિક ધરોહર, આધુનિક વિકાસ, હીરા-કાપડ-ખાંડ સહિતના ઉદ્યોગોનું ચિત્રાંકન કરાયું છે.

સાચી વાત બેધડક

# દિવ્ય ભાસ્કર

દિવ્ય ભાસ્કર સુરત 20મા વર્ષમાં મંગળ પ્રવેશ

કુલ પાનાં 46 (મધુરિમા) | કિંમત ₹ 5.00 | સુરત, મંગળવાર, 28 માર્ચ, 2023 | ગુજરાત | ચૈત્ર સુદ -7, વિક્રમ સંવત 2079 | વર્ષ 20, અંક 1, મહાનગર 12 રાજ્ય | 61 સંસ્કરણ

દિવ્ય ભાસ્કર SURAT THE KOHINOOR OF INDIA Next Generation

**ફ્યૂચર ડાયમંડ્સ** પહેલીવાર ભાસ્કરમાં સુરતના ભવિષ્યના લીડર એક સાથે... વાંચો શું છે તેમની પાવર પોલિસી અને બિઝનેસ આઇડિયાઝ

# દેશમાં 45 લાખ ટન ગ્રીન કોલસાનું ઉત્પાદન, USમાં સોલાર પ્લાન્ટ લગાવશે સુરતીઓ

સુરતના પ્રમુખ ઉદ્યોગ પરિવારોમાં એક નવી પેઢી ડ્રાઈવિંગ સીટ પર આવી રહી છે. નવી વિચારધારા સાથે આવી રહેલી આ પેઢીમાંથી કોઈ દેશના શહેરોના કચરાના પહાડ હટાવીને 45 લાખ ટન ગ્રીન કોલસો બનાવી રહ્યા છે તો કોઈ અમેરિકામાં જઈને સોલાર અને બેકરી પ્લાન્ટ લગાવી રહ્યા છે. સુરત દિવ્ય ભાસ્કરના 20મા વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે શહેરના 15 મોટા ઉદ્યોગકાર જે ભવિષ્યમાં મોટા લીડર હશે તેમણે પોતાનું વિઝન અને મિશન જણાવ્યા. તેમની કંપનીઓની કુલ સાઇઝ 1 લાખ કરોડથી વધારે છે.



**શ્રેયાંશ ધોળકિયા**
એસઆરકે એક્સપોર્ટ
- અમારી કંપનીમાં 6000 કર્મચારીઓ છે, વર્ષે 10 લાખ કેરેટ હીરાનું પ્રોડક્શન કરીએ છીએ. ભવિષ્યમાં અમે ઝીરો કાર્બન એમિશન તરફ આગળ વધીશું.

**વરુણ લાખાણી**
કિરણ જેમ્સ
- 13 વર્ષથી અમારી કંપની નંબર 1 ઉપર છે. અમે 0.01 કેરેટથી લઈ 5 કેરેટ સુધીના હીરા તૈયાર કરીએ છીએ. વર્ષે 60 લાખ કેરેટ હીરાનું પ્રોડક્શન છે.

**પિન્ટુ ધોળકિયા**
એચકે એક્સપોર્ટ પ્રા.લી.
- હરિ કૃષ્ણ ડાયમંડનું રૂ. 12 હજાર કરોડનું ટર્ન ઓવર છે. દુનિયાના દરેક ઘરે દાગીના પહોંચે અને 125 દેશોમાં હીરા-જ્વેલરી વેચવાનું લક્ષ્ય છે.

**હિતેશ પટેલ,**
ધર્મનંદન ડાયમંડ
- 5 લાખ કેરેટ હીરાનું પ્રોડક્શન કરીએ છીએ. કોરોનાકાળમાં એકપણ કર્મીને છૂટા કર્યા નથી. છેલ્લા વર્ષનું કંપનીનું ટર્નઓવર 6500 કરોડનું હતું.

**ભાર્ગવ કોટડીયા**
સહજાનંદ ગ્રુપ
- સહજાનંદ ગ્રુપનું સુકાન સંભાળ્યું ત્યારે ટર્નઓવર 100 કરોડનું હતું, 300 કર્મચારી હતા. આજે ટર્નઓવર 1200 કરોડ, 3000 કર્મચારીઓની ફોજ છે.

**પિયુષ ડાલીયા**
ગોપીન ગ્રુપ
- અમારા કોઈપણ પ્રોજેક્ટ કે ઓફિસ હોય તેમાં અમે ગ્રીનરીને પ્રાધાન્ય આપીએ છીએ, અલગ-અલગ કંપનીઓમાં અમારા 2000 કર્મચારીઓ છે.

**સ્મિત પટેલ**
ગ્રીન લેબ ડાયમંડ
- અમે દર મહિને 2 લાખ કેરેટ લેબગ્રોન રફનું ઉત્પાદન કરીએ છીએ, જે સંપૂર્ણ મેઈડ ઈન ઈન્ડિયા છે. 10000થી વધુ લોકોને રોજગારી આપીએ છીએ.

**ધ્રુવ લુથરા**
લુથરા ગ્રુપ
- 9 વર્ષ પહેલા કચરામાંથી ફ્યુઅલ બનાવવાનું શરૂ કર્યું. આજે 1200 કર્મચારી છે અને આજસુધી ફ્યુઅલમાં દેશના 5000 કરોડ બચાવ્યા છે.

**ચિરાગ લિંબાસિયા**
ભથવારી ટેક્નોલોજી
- મેક ઈન્ડિયાના ભાગરૂપે અમે દેશમાં આવું મશીન બનાવનારા અને સીવીડી ડાયમંડ બનાવનારા પહેલા હતા. લેબગ્રોન રફ પણ હવે સુરતમાં જ બનશે.

**શૈલેષ લુખી**
જે.કે. સ્ટાર
- વ્હાઇટ ડાયમંડમાં 30 વર્ષથી અમારી સ્પેશ્યાલિટી છે. 800 કંપનીઓ સાથે બિઝનેસ છે. કર્મભૂમિ સુરત-સૌરાષ્ટ્રનું ઋણ ચૂકવવા અમે 1 લાખ વૃક્ષો વાવીશું.

**અમિત તુલસ્યાન**
આનંદ સારી
- ફ્લિપકાર્ટ પર 10 દિવસમાં બીજી સાડી વેચાઈ નહોતી. અમે ટકી રહ્યા, એક દિવસ એવો આવ્યો કે એક જ દિવસમાં 51 હજાર સાડીઓ વેચી હતી.

**દિપ ચોક્સી**
ડી. ખુશાલભાઈ જ્વેલર્સ
- મેડ ઈન ઈન્ડિયામાં અમારી કંપનીનું મોટું યોગદાન છે. ઓનલાઈનમાં બિઝનેસ આગળ વધાવીશું. 250 લોકોને રોજગારી આપીએ છીએ.

**ચિરાગ નાકરાણી**
રેયઝોન સોલાર

**હાર્દિક કોઠિયા**
રેયઝોન સોલાર
- અમારી કંપનીની શરૂઆત 40 MWથી થઈ હતી, હાલ 1500 MW છે. રેયઝોન સોલાર પેનલ 100 ટકા ભારતમાં બની રહી છે. કંપનીમાં 1000થી વધુ કુશળ કર્મચારીઓ છે, જેમની મહેનતથી સોલાર પેનલ 17થી વધુ દેશોમાં એક્સપોર્ટ થઈ રહી છે. ભારતમાં 2500 MW અને અમેરિકામાં 500 MWની પેનલ મેન્યુફેક્ચરિંગ કરવા માટેનું પ્લાનિંગ કરી રહ્યા છીએ.

વધુ અહેવાલ પાછળના પાને...

'દિવ્ય ભાસ્કર' સુરતના સ્થાપના દિને **વડાપ્રધાન મોદી**નો વિશેષ સંદેશ

## સુરત એટલે મિની હિન્દુસ્તાન

### એવું શહેર જે વિકાસની દોડમાં પાછળ રહી ગયેલાને હાથ ઝાલી આગળ લાવે છે

સુરત એટલે મિની હિન્દુસ્તાન કેમ કે ભારતનો કોઈ એવો પ્રદેશ નહિ હોય જ્યાંના મૂળ વતની સુરતની ધરતી પર ન રહેતા હોય. સુરત એક એવું અનોખું શહેર છે જે વિકાસની દોડમાં પાછળ રહી ગયેલાનો હાથ ઝાલીને વધુ તક આપે છે. શહેરની આ ભાવના જ આઝાદીના અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણની પ્રેરણા આપે છે.

દુનિયા જ્યારે 'પબ્લિક-પ્રાઈવેટ-પાર્ટનરશિપ' એમ ત્રણ 'P'ની વાત કરતી હતી ત્યારે હું કહેતો હતો કે સુરત ખરેખર 'પીપલ-પબ્લિક-પ્રાઈવેટ-પાર્ટનરશિપ' એમ ચાર 'P'નું ઉદાહરણ છે. સુરતમાં રોગચાળા અને પૂરના વિશે ખોટી માહિતી ફેલાવવામાં આવી ત્યારે મેં અહીંના વેપારી સમુદાયને સમજાવ્યું હતું કે 'જો સુરત શહેર બ્રાન્ડેડ હશે તો અહીંની દરેક કંપની, દરેક ક્ષેત્ર આપોઆપ બ્રાન્ડેડ થઈ જશે. મને ખુશી છે કે આજે સુરત દુનિયામાં સૌથી ઝડપથી વિકસતાં શહેરોમાંનું એક છે. છેલ્લાં 20 વર્ષમાં સુરતે દેશમાં બાકીનાં શહેરો કરતાં ઘણી ઝડપી પ્રગતિ કરી છે. રાંદેર, અડાજણ, પાલ, હજીરા, પાલનપુર, જહાંગીરપુરા જેવા પશ્ચિમના વિસ્તારોનો વિકાસ અને સમૃદ્ધિ 20 વર્ષની અથાગ મહેનતનું પરિણામ છે. તાપી નદી પર એક ડઝનથી વધુ પુલ છે. આ સ્તરની ઈન્ટરસિટી કનેક્ટિવિટી ભાગ્યે જ જોવા મળે છે.



આજે સુરત વિશ્વના સૌથી સુરક્ષિત અને સૌથી અનુકૂળ ડાયમંડ ટ્રેડિંગ હબ તરીકે સજ્જ છે. અને એ દિવસો દૂર નથી કે સુરત વિશ્વભરમાં હીરાના વેપારીઓ અને કંપનીઓ માટે આધુનિક ઓફિસ તરીકે ઓળખાશે. મોજ-મઝા અને આનંદ માટે સુરતીલાલાનો જોટો જડે એમ નથી. એટલે જ કહેવત છે કે, 'સુરતનું જમણ અને કાશીનું મરણ'થી શ્રેષ્ઠ બીજું કંઈ નથી. અહીંના અનેક લોકોએ એરપોર્ટ માટે અમારો લાંબો સંઘર્ષ જોયો છે. શહેરને એરપોર્ટ સાથે જોડતો રોડ સુરતની સંસ્કૃતિ, સમૃદ્ધિ અને આધુનિકતા દર્શાવે છે.

સુરતના લોકો બિઝનેસમાં લોજિસ્ટિક્સનું મહત્ત્વ સુપેરે જાણે છે. નવી લોજિસ્ટિક્સ પોલિસીથી સુરતને ઘણો ફાયદો થવાનો છે. શહેરનું કાપડ બજાર કાશી અને પૂર્વ ઉત્તરપ્રદેશ સાથે જોડાયેલું છે. અહીંથી ગુડ્ઝ રોડ મારફતે જાય છે હવે રેલવેએ કોચની ડિઝાઈનમાં એવી રીતે ફેરફાર કર્યો કે કાર્ગો તેમાં ફીટ બેસે. આ માટે એક ટનના વિશેષ કન્ટેઈનર બનાવાયાં. હવે સુરતથી કાશી સુધી સામાન લઈ જતી નવી ટ્રેન દોડાવવાની નેમ છે.

ડાયમંડ સિટી, સિલ્ક સિટી, સેતુ સિટી તરીકે ઓળખાઈ ચૂકેલું સુરત ટૂંક સમયમાં ઈલેક્ટ્રિક વ્હીકલ સિટી તરીકે ઓળખાતું થઈ જશે. શહેરમાં ટૂંક સમયમાં 500 ચાર્જિંગ સ્ટેશન સ્થપાશે. સુરતનો વિકાસ ડબલ એન્જિન સરકારમાં મૂકવામાં આવેલા વિશ્વાસનું પ્રતિબિંબ પાડે છે. જ્યારે વિશ્વાસ વધે છે ત્યારે પ્રયત્નો પણ વધે છે. દરેકના સહિયારા પ્રયાસથી રાષ્ટ્રના વિકાસની ગતિ ઝડપી બને છે. હું સુરતની જનતાનો જેટલો આભાર વ્યક્ત કરું તેટલો ઓછો છે. દેશમાં સુરતને સમકક્ષ અનેક શહેરો છે પરંતુ સુરતે બધાને પાછળ દીધાં છે. આ શક્તિ માત્ર ગુજરાતમાં છે. ગુજરાતની વિકાસયાત્રામાં કોઈ કમી ન રહેવી જોઈએ અને આ માટે પ્રત્યેક ગુજરાતી પ્રતિબદ્ધ છે.

નરેન્દ્ર મોદી

**સુરત હીરા બુર્સ તૈયાર** આસપાસમાં 9 હજાર કરોડના 45 મોટા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ શરૂ


# દુબઈ, હોંગકોંગ જેવા ટ્રેડફેર સુરતમાં થશે, બુર્સ પાસે એક કંપનીએ 1500 ફ્લેટની ટાઉનશિપ બનાવી

### ડ્રીમ સિટીમાં ડાયમંડ સર્ટિફિકેશન કરતી સંસ્થા જેમોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ અમેરિકાને જગ્યા આપવા તૈયારી

**ભાસ્કર એક્સપર્ટ** આ બુર્સનું સપનું જોવાવાળા દુનિયાના સૌથી મોટા ડાયમંડ મેન્યુફેક્ચરર અને કિરણ જેમ્સના ફાઉન્ડર વલ્લભભાઈ લખાણી, ગ્રીનલેબના ઓનર મુકેશ પટેલ, એસઆરકેના ફાઉન્ડર ગોવિંદ ધોળકિયા અને પદ્મશ્રી મથુર સવાણીથી સમજો કે બુર્સ કેવી રીતે સુરત, ગુજરાત અને ભારતની તસવીરને દુનિયામાં ચમકાવશે.

વિજયસિંહ ચૌહાણ | સુરત

35 એકરમાં દુનિયાની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ, 4500 ડાયમંડ ટ્રેડિંગ ઓફિસ. 27 ઈન્ટરનેશનલ જ્વેલરી સ્ટોર, અને 30 રેસ્ટોરન્ટ અને 8 બેંકની સાથે ડાયમંડ બુર્સ ઉદ્ઘાટન માટે તૈયાર છે. બુર્સ સુરતની ઈકોનોમીમાં એક મોટો બદલાવ લાવશે એ હવે ગ્રાઉન્ડ પર દેખાઈ રહ્યું છે. દુનિયાની સૌથી મોટી ડાયમંડ મેન્યુફેક્ચરિંગ કંપની કિરણ જેમ્સે પોતાના મુંબઈમાં કામ કરતા 1800ના સ્ટાફને સુરતમાં શિફ્ટ કરવા માટે 1500 ફ્લેટની ટાઉનશીપ બનાવી છે. આ કંપની ભારત ડાયમંડ બુર્સ, મુંબઈમાં પ્રથમ દિવસથી પોતાનો કારોબાર સમેટીને સુરતમાં ટ્રેડિંગની શરૂઆત કરશે. દુબઈ, હોંગકોંગ જેવા ટ્રેડફેર સુરતમાં થશે. 9 ટાવરવાળા બુર્સમાં મોટી કંપનીઓએ આખે આખા માળ ખરીદી લીધા છે અને ત્યાં 300 ચો. ફૂટની નાની ઓફિસ પણ છે. શરૂઆતમાં 4200 ટ્રેડિંગ ઓફિસ ખુલવાની હતી પણ હવે તેની સંખ્યા વધીને 4500 થઈ ગઈ છે. બુર્સને લઈને એક સંશય એ વાતનો હતો કે મુંબઈથી એર કનેક્ટિવિટી નથી. બુર્સને ચલાવવા માટે વ્યવસાયકારોએ નક્કી કર્યું છે કે તેઓ એરલાઈન્સ કંપનીઓને સીધા 2-3 કરોડ આપીને સીટોની ગેરંટી આપશે. સુરતના ખજોદમાં જે જગ્યાએ કચરાનો પર્વત છે ત્યાં અને તેની આસપાસના આભવા, અલથાણ, ભીમરાડ, વેસુ, મગદલ્લા, ગવિયર, ભીમપોર અને ડુમસમાં કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ ખુબ પ્રમાણમાં વધી ગયા છે. અહીં 9 હજાર કરોડથી વધુ રૂપિયાના 45 રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યા છે, જેમાંથી 2 ગ્રુપના એક એક હજાર કરોડ અને ચાર સમૂહના પ્રોજેક્ટ 350 કરોડથી ઉપરના છે. 200 કરોડ અને એનાથી નાના પણ કેટલાય પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. બુર્સમાં 67 હજાર કર્મચારીઓ કામ કરી રહ્યા હશે અને એક મોટી વસતી સુરતમાં શિફ્ટ થશે.



ડાયમંડ બુર્સમાં મેઈન સેરેમોનિયલ એન્ટ્રીની ફ્લોરથી ઊંચાઈ 229 ફૂટ જેટલી છે, જેનો 180 ડિગ્રીનો આ ફોટો છે. અહીં સફળતાના શિખર પામતા લોકોની અને ટપકતાં પાણીના ટીપાની પ્રતિકૃતિ દર્શાવાઈ છે જે ભવ્યતાની અનુભૂતિ કરાવશે. • રિતેશ પટેલ

## બુર્સના 10 મોટા ફાયદા

1 સંયુક્ત પરિવાર આપણો આત્મા. હાલ બહાર ધંધો હોવાથી છૂટા રહેતા પરિવાર સંયુક્ત થશે.

2 એક જ સ્થળે ટ્રેડિંગ થવાથી અલગ-અલગ શહેરોમાં સેમ્પલના હીરા મૂકવા નહીં પડે.

3 રફ ખરીદવા હરાજી થાય ત્યાં જવું પડે. હવે સારા ભાવની શોધમાં કંપનીઓ સુરત આવશે, જેથી સમય-ટ્રાવેલિંગ કોસ્ટ બચશે.

4 ડાયમંડ હબ બાદ હવે નેક્સ્ટ લેવલ હશે જ્વેલરી મેકિંગ. સુરતમાં ઓરિસ્સા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, યુપી-બિહારની સાથે હવે નવું બંગાળ પણ વસશે.

5 જેમોલોજીકલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ અમેરિકા સુરતમાં શાખા સ્થાપતાં સર્ટિ ઝડપથી મળશે.

6 બુર્સના હાઈ સિક્યુરિટી એરિયામાં જ કસ્ટમ ક્લિયરન્સ થતાં માલ સુરક્ષિત પહોંચી જશે.

7 મુંબઈથી કર્મચારીઓ સુરત શિફ્ટ થશે. 4500 ટ્રેડિંગ કંપનીઓ અને અન્ય સુવિધાઓ માટે 1 લાખ લોકો અન્ય શહેરોથી આવશે. આમ, 4 લાખની વસતિ વધશે.

8 185 દેશોમાંથી હીરા ખરીદારો માટે હોટેલ, ટેક્સી જેવી સુવિધા જોઈશે. યાદગીરી રૂપે અન્ય સામાન ખરીદશે, જેનો ફાયદો સૌને થશે.

9 હાલમાં જ હોંગકોંગ ડાયમંડ ટ્રેડ ફેરમાં દુનિયાભરથી 2 લાખ લોકો ગયા હતા. હવે આવા મોટા ટ્રેડ ફેર સુરતમાં થશે.

10 બુર્સ લેબગ્રોન ડાયમંડ માટે વરદાન બનશે. 5 વર્ષમાં આ સેક્ટર રાજ્યનું બીજું સૌથી વધુ રોજગાર-આવક આપતું સેક્ટર બનશે. લેબગ્રોનનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ ખાણો અને અન્ય દેશો પર નિર્ભરતા ઘટાડવાનો છે. સંપૂર્ણ મેડ ઈન ઈન્ડિયા હોવાથી શુદ્ધ સ્વદેશી આવક હશે.



## વાંચો વિશેષ સમાચાર



8 પેજનું વિશેષ અંક 'મોજીલા હૂરટી- જલસાની લાઇફ' વાંચો સુરતીઓની લાઇફસ્ટાઇલની રસપ્રદ સ્ટોરીઝ

- કેવું હશે બુલેટ ટ્રેન સ્ટેશન, જુઓ પહેલી ઝલક
- કમિશનર શાલિની અગ્રવાલના શબ્દોમાં વાંચો કેવું સુરત બનાવવા ઇચ્છે છે મહાપાલિકા


**એક્સપર્ટ રિપોર્ટ** દેશની ચોથી સૌથી મોટી શિમિટન ચોકલેટ ફેક્ટરી, મલ્ટિપ્લેક્સ બનાવવામાં દેશની 5મી અગ્રણી કંપની અને ખાસકરીને સુરતમાં લકઝુરિયસ કન્સ્ટ્રક્શન માટે જાણીતા રાજહંસ ગ્રુપના ચેરમેન જયેશ દેસાઈના શબ્દોમાં સમજો કે સુરતમાં રીયલ એસ્ટેટના બિઝનેસનું શું ચિત્ર છે અને આ ભવિષ્યમાં કેવી રીતે વધશે

# સુરત ભારતનું દુબઈ, 3થી 20 હજાર સ્ક્વેર ફૂટના ફ્લેટ બની રહ્યા છે



જયેશ દેસાઈ
ચેરમેન, રાજહંસ ગ્રુપ, સુરત

હું છેલ્લા 18 વર્ષથી રિયલ એસ્ટેટ બિઝનેસમાં છું. કોરોના બાદ રિઅલ એસ્ટેટની ડિમાન્ડ વધી છે. ખાસ કરીને લોકો હવા, ઉજાશ અને ખુલ્લાપનની શોધમાં નાનાથી મોટા ઘરોમાં જઈ રહ્યા છે. સુરતની વાત કરીએ તો, થોડા દિવસ પહેલા સુરત મહાનગરપાલિકાએ એક સરવે કર્યો હતો, જેમાં ખબર પડી કે સુરતની વસતિ 75 લાખ સુધી પહોંચી ગઈ છે. 32 લાખ લોકો ભાડાના મકાનમાં રહે છે. આ આંકડો જાતે જ બોલે છે કે અહીં રીયલ એસ્ટેટની કેટલી સંભાવનાઓ છે. સુરત માટે સૌથી મોટી સકારાત્મક વાત પ્રવાસી જનસંખ્યા છે. જેવી રીતે દુનિયાની વસતિ દુબઈ શિફ્ટ થઈ રહી છે તેવી જ રીતે ભારત માટે સુરત એક દુબઈ છે.

અહીં, રાજસ્થાન, યુપી, બિહાર, મહારાષ્ટ્ર અને ગુજરાતના સૌરાષ્ટ્રથી મોટી સંખ્યામાં શિફ્ટ થઈ રહ્યા છે. આ જ કારણથી કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં ભારે ડિમાન્ડ છે. સુરત માટે બીજી સકારાત્મક વાત ક્વોલિટી કન્સ્ટ્રક્શન છે. મુંબઈની જેમ અહીં હાઈરાઈઝમાં રહેવાનું કલ્ચર છે અને બિલ્ડર્સ પહેલેથી જ ક્વોલિટી કામ કરી રહ્યા છે. આ ક્ષેત્રમાં આ સૌથી મોટું ફેક્ટર છે. હવે ગ્રાહક પણ સમજદાર છે અને ટોપ ક્લાસ સુવિધાઓ ઈચ્છે છે. સુરત આ બાબતને પહેલેથી જ સમજતું હતું અને અહીં 3થી લઈ 20 હજાર વર્ગફીટ સુધીના ફ્લેટ-બંગ્લોઝ બની રહ્યા છે અને વેચાઈ પણ રહ્યા છે. ત્રીજી સારી વાત એ છે કે, જમીનોના ભાવ સરેરાશ છે. અહીં અન્ય મેટ્રો સિટીની જેમ જમીન બહુ મોંઘી નથી. જેના કારણે નાના અને મોટા બિલ્ડર્સ માટે કામ કરવાની તક અને સ્પર્ધા પણ છે. આ જ કારણથી મુંબઈના બિલ્ડર્સ પણ હવે સુરતમાં પ્રોજેક્ટ બનાવવા જઈ રહ્યા છે.

સુરતનો સમય હમણા શરૂ થયો છે અને આ 5 મહત્વની બાબતો આપણે ત્યાં રીયલ એસ્ટેટના ધંધામાં માઈલ સ્ટોન સાબિત થશે. એટલું ચોક્કસ કહેવા માંગીશ કે, રીયલ એસ્ટેટ બિઝનેસમાં ગુજરાત સરકારનો ખુબ સપોર્ટ રહ્યો છે.

### 4 વાતો જે રીયલ એસ્ટેટનું એન્જિન

1. **ડાયમંડ બુર્સ :** આને ચલાવવા માટે કર્મચારી-અધિકારી જેવા બધા પ્રકારના લોકો શિફ્ટ થશે અને તેમને દરેક કેટેગરીના મકાનોની જરૂર પડશે.
2. **ટેક્સટાઇલ બિઝનેસ :** સુરતમાં આ બિઝનેસ કોઈ દિવસ પીછેહઠ થશે નહીં, જેનાથી દેશમાંથી સુરત તરફ જે માઈગ્રેશન છે તે ચાલુ જ રહેશે.
3. **હજીરા બેલ્ટ :** રિલાયન્સ, ઓએનજીસી, આર્સેલર મિત્તલ અને એલ એન્ડ ટી જેવી મોટી કંપનીઓએ વિસ્તરણ માટે 1 લાખ કરોડ ઈન્વેસ્ટ કર્યા છે.
4. **એનઆરઆઈ :** દક્ષિણ ગુજરાતથી વિદેશમાં વસેલા લોકો કોરોનાકાળ બાદ સુરતમાં પણ ઘર ઈચ્છી રહ્યા છે અને તેમની પાસે રૂપિયાની કોઈ કમી નથી.